# Gujarat National Law University
## Gandhinagar, Gujarat, India

ગાંધીનગર, સોમવાર, ૨૧ માર્ચ, ૨૦૧૬

**GNLU પ્રેસ નોટ નં. ૩૩/૨૦૧૬**
ગુજરાત નેશનલલોં યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારા
**"કાનૂનીપરંપરા દિવસની ઉજવણી"**
સોમવાર, ૨૧.૦૩.૨૦૧૬

---

ગુજરાત નેશનલ લોં યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારાકાનૂનીપરંપરા દિવસની ઉજવણી તા. ૨૧.૦૩.૨૦૧૬ ને સોમવારના રોજ ગુજરાત નેશનલ લોં યુનિવર્સીટી અભિગમ હોલમાં સવારે ૦૯:૧૫ થી ૧૦:૧૫ કલાકે કરવામાં આવેલ હતી.

૨૫ જુન, ૧૯૭૫ થી ૨૦મી માર્ચ, ૧૯૭૭ સુધી ભારતમાં કટોકટીજાહેર કરવામાં આવી હતી ત્યારે ૨૧ મહિનાના સામયગાળા પછી ૨૧ માર્ચ, ૧૯૭૭ના રોજ સમગ્રદેશ માંથી કટોકટી ઉઠાવીલેવામાં આવી હતી. આજનાદિવસનેદયાનમાં રાખીને GNLUએઆજેકાનૂનીપરંપરા દિવસ તારીકેઉજવણી કરી.

આ કાર્યક્રમનાઉદ્દ્ઘાટકઅનેમુખ્ય મેહમાનગુજરાતહાઈકોર્ટનામાનનીયા જસ્ટીસ. બેલા.એમ.ત્રીવેદી તથાવિશેષ અતિથી શ્રી.ઈલેષવોરા (સચિવ, LA & RLA, ગુજરાત સરકાર), શ્રી.ઓ. એલ. પાન્ડે (નિવૃત્ત સચિવ, LA & RLA, ગુજરાત સરકાર) અને શ્રી. એમ.અચ. શાહ (સભ્ય, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ) હતા.

આજના આદિવસે GNLUના ગુરુભવનમાં આવેલ મૂટ-કોર્ટ હોલનું ઉદઘાટન કાર્યકમનાઉદ્ઘાટકગુજરાતહાઈકોર્ટનામાનનીયાજસ્ટીસ. બેલા.એમ.ત્રીવેદીના વરદ હસ્તેવિશેષ અતિથીઓ,યુનિવર્સીટીનાનિયામક, રજિસ્ટ્રાર, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓનીહાજરીમાં થયું.

ત્યારબાદGNLUનાઅભિગમહોલમાં યુનિવર્સીટીના નિયામકશ્રી પ્રોફ. (ડૉ.) બિમલ એન. પટેલ દ્વારા સ્વાગત પ્રવચન થયું.તેમનેકાનૂનીપરંપરા દિવસનુંમહત્વઅને મહિમા સમજાવી. આઉપરાંતતેમને GNLUના નિર્માણમાંગુજરાત સરકાર અને તેમના અધિકારીઓ દ્વારા આપેલા મહત્વનો યોગદાન વિષેવાત કરી.તેમનો આવો જ સતત સહયોગ યુનિવર્સીટીપર રહે તેવી ઈચ્છાવ્યક્ત પણકરી.

ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મેહમાન ગુજરાતહાઈકોર્ટનામાનનીયાજસ્ટીસ. બેલા.એમ.ત્રીવેદીએ હોલમાં હાજર પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને સંબોધ્યું. તેમેના સંબોધનમાં તેમેને ભારતીય કાયદાતંત્રનુંપાંચ હજાર વર્ષોનો ઈતિહાસની ચર્ચા કરી. ભારતનોકાયદા વ્યવસ્થાનો ઈતિહાસ ચાર ભાગોમાં વહેંચાયેલુંછે જેમ કે હીન્દુ કાળ દરમિયાન,મુસ્લિમ શાસનદરમિયાન, બ્રિટિશ શાસનદરમિયાનઅનેઆજની આધુનિક કાયદા વ્યવસ્થા. તેમને દરેક કાયદા વ્યવસ્થાની વિસ્તારમાં ચર્ચા કરી.આ ઉપરાંત તેમેના પ્રવચનમાં તેમને ધર્મ, રાજધર્મ, ધર્મશાસ્ત્ર, સ્વામીત્વજેવાશબ્દોનુંઆજની કાયદા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીનેસરળતાથી અર્થઘટન કર્યું. આઉપરાંત તેમને ભારતીય કાયદા વ્યવસ્થાનીવિશ્વની કાયદા વ્યવસ્થા સાથે સરખામણી કરી. આજની કાનૂની વ્યવસ્થામાં પણ ભારતનાપ્રાચીનઅને મધ્યયુગીન સહજકાનૂનીપરંપરાઓની જલક જોવા મળે છે અને આ જ ભારતને વિશ્વનાઅન્યકાનૂનીવ્યવસ્થાથીઅલગબનાવેછે.ભારતીયન્યાયતંત્ર,ન્યાયિકસ્વતંત્રતાઅનેઅખંડિતતાપ્રાચીનભારતીયપરંપરાજાળવીરાખ્યુંછે.

કાર્યક્રમના અંતેસહાયક. પ્રોફ. સોહમવાજપેયીએ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિતમુખ્ય મેહમાન, નિયામકશ્રી GNLU ડૉ. બિમલએન. પટેલ, યુનિવર્સીટીના રજિસ્ટ્રારડૉ. થોમસ મેથ્યુ, પ્રાધ્યાપકોતથાવિદ્યાર્થી મિત્રો અને કાર્યક્રમ ને દરેક રીતે સફળ બનાવનાર તમામ સહયોગીઓને આભારવિધિ કરી હતી અને રાષ્ટ્ર ગાન સાથે સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલનશિવાંશ અગ્રવાલ (GNLUનાત્રીજા વર્ષના કાયદાનાવિદ્યાર્થી) કર્યું હતું.

*****

*Attalika Avenue*, Knowledge Corridor, Koba, Gandhinagar – 382007, Gujarat, India
Email: contact@gnlu.ac.in, Website: www.gnlu.ac.in